ગાંધીનગર સમાચાર, પાના નંબર - ૦૨
તારીખ :- ૨૫/૦૨/૨૦૨૬.

## સેવા તીર્થ ખાતે આયોજિત પ્રથમ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયા ઐતિહાસિક નિર્ણયો

# કેરળ હવે 'કેરલમ'થી ઓળખાશે

**પ્રધાનમંત્રી મોદીના અધ્યક્ષ સ્થાને આશરે ૧૨,૨૩૬ કરોડના કુલ ૮ મોટા નિર્ણયો પર મહોર : અમદાવાદ મેટ્રો વિસ્તરણને લીલી ઝંડી, રૂ. ૧૦૬૭ કરોડ મંજુર; રૂ. ૧૨,૨૩૬ કરોડના રેલ, મેટ્રો અને એરપોર્ટ પ્રોજેક્ટ્સ મંજૂર : દેશના રેલવે નેટવર્કને મજબૂત બનાવવા માટે ત્રણ મોટા રેલવે પ્રોજેક્ટ્સને લીલી ઝંડી**

નવી દિલ્હી,તા.૨૪

વડાપ્રધાનના નેતૃત્વમાં આજે સેવા તીર્થ ખાતે પ્રથમવાર કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી, જેમાં આગામી ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાના 'સેવા સંકલ્પ' પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકાર પરિષદમાં આ અંગે વિગતો આપતા જણાવ્યું કે, આ બેઠક માત્ર વહીવટી પ્રક્રિયા નથી પરંતુ નવા ભારતના ભવ્ય નિર્માણનો પાયો છે. દેશની અર્થવ્યવસ્થાને વિશ્વની ટોચની ૩ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન અપાવવાના લક્ષ્ય સાથે આશરે ૧૨,૨૩૬ કરોડના કુલ ૮ મોટા નિર્ણયો પર મહોર મારવામાં આવી છે. નાગરિકોને શક્તિ પ્રદાન કરવાને બદલે તેમને આત્મનિર્ભર અને સશક્ત બનાવવાના ઉદ્દેશ્યથી આ તમામ નિર્ણયો લેવાયા છે.



File Photo

### કેબિનેટ બેઠકમાં લેવાયા ૮ મોટા નિર્ણય

- કેરળનું નામ બદલીને 'કેરલમ' થશે
- ગોંદિયા-જબલપુર રેલવે લાઈન ડબલિંગ માટે ૫૨૩૬ કરોડ રૂપિયાની ફાળવણી
- પુનારખ-કિઉલની ત્રીજી-ચોથી રેલવે લાઈન માટે ૨૬૬૮ કરોડ રૂપિયા મંજુર
- ગમ્હરિયા-ચાંડિલની ત્રીજી-ચોથી રેલવે લાઈન માટે ૧૧૬૮ કરોડ રૂપિયાની ફાળવણી
- શ્રીનગરમાં નવું ઈન્ટીગ્રેટેડ એરપોર્ટ ટર્મિનલ માટે ૧૬૬૭ કરોડ રૂપિયાની ફાળવણી
- અમદાવાદ મેટ્રો ફેઝ-૨બીના એક્સટેન્શન માટે ૧૦૬૭ કરોડ રૂપિયાની ફાળવણી
- કાચા ક્ષણના MSP માટે ૪૩૦ કરોડ રૂપિયા
- પાવર સેક્ટરમાં રિફોર્મ્સની મંજુરી

આ બેઠકનો સૌથી મોટો નીતિગત નિર્ણય કેરળ રાજ્યનું નામ બદલીને કેરલામ કરવાનો છે. છેલ્લા લાંબા સમયથી કેરળના લોકો અને રાજ્ય સરકાર દ્વારા પોતાની પ્રાદેશિક અને ભાષાકીય ઓળખ જાળવી રાખવા માટે આ માંગણી કરવામાં આવી રહી હતી. રાજ્ય વિધાનસભાના પ્રસ્તાવને પગલે કેન્દ્રીય મંત્રીમંડળે તેને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. હવે નિયમાનુસાર રાષ્ટ્રપતિ આ બિલને રાજ્ય વિધાનસભામાં મોકલશે અને ત્યારબાદ તેને સંસદમાં કાયદાકીય મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

અમદાવાદ મેટ્રો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કરોડોની ગ્રાન્ટઃ ગુજરાતના વિકાસને વધુ વેગ આપતા, મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો

● અનુસંધાન પાન-૭ પર

અનુસંધાન પાના નંબર - ૦૭

### ઓળખાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેઝ 2B ના વિસ્તરણ માટે ૧,૦૬૭ કરોડની ફાળવણી કરી છે. આ મંજૂરી સાથે હવે મેટ્રો ટ્રેન ગિફ્ટ સિટી થી શાહપુર સુધી લંબાવવામાં આવશે, જે લાખો મુસાફરો માટે પરિવહન સુવિધા આસાન બનાવશે. આ ઉપરાંત, જમ્મુ કાશ્મીરના પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે શ્રીનગર એરપોર્ટ પર ૧,૬૬૭ કરોડના ખર્ચે ૭૧,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું નવું અત્યાધુનિક સંકલિત ટર્મિનલ બનાવવામાં આવશે, જેનું કાર્ય આગામી ૪ વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.રેલવે કનેક્ટિવિટી અને કૃષિ ક્ષેત્રે મહત્વના પગલાં પણ લેવામાં આવનાર છે.

કૃષિ ક્ષેત્રે ખેડૂતોના હિતમાં નિર્ણય લેતા કાચા શણ માટે **Minimum Support Price (MSP)** માં વધારો કરી તેને ૪૩૦ કરોડના પેકેજ સાથે સુરક્ષિત કરવામાં આવી છે. મંત્રીમંડળે વીજ ક્ષેત્રમાં મોટા સુધારાઓ માટે પણ નીતિગત નિર્ણયો લીધા છે જે આગામી સમયમાં દેશમાં ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરશે.

'નાગરિક દેવો ભવ'ના સિદ્ધાંત સાથે ૨૦૪૭ નું લક્ષ્ય અંગે જણાવતા અશ્વિની વૈષ્ણવે વધુમાં ઉમેર્યું કે, છેલ્લા એક દાયકામાં સરકારે ૨૫૦ **million** (૨૫ કરોડ) લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. આયુષ્માન યોજના, સ્વચ્છ ભારત અને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે. મંત્રીમંડળના આજના તમામ નિર્ણયો "નાગરિક દેવો ભવ" ની ભાવનાથી પ્રેરિત છે, જે ભારતને વિશ્વના નકશા પર એક મજબૂત આર્થિક અને સામાજિક શક્તિ તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.